# આગવી સૈનિકશાળા

– લક્ષ્મણભાઈ ભ. પટેલ

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૧૮

લોકભારતી પ્રકાશન – સણોસરા.

શ્રેણી : ઝાડનાં પારખાં ફળ પરથી

પુસ્તિકા ક્રમાંક ૧૮

આગવી સૈનિકશાળા

– લક્ષ્મણભાઈ ભ. પટેલ

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦

તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત. ભારત. **(India)**

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ-બુક આવૃત્તિ : ૨૦૧૬

સંકલન : જુગલકિશોર


૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.

ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨ / ઇ-મેઇલ : jjugalkishor@gmail.com

# અનુક્રમણિકા

ઉપહાર ..... 3
લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર ! ..... 4
પ્રથમ દર્શન ..... 6
કરિયાવર ..... 7
તેજસ્વિના વધીતમસ્તુ ..... 8
આશીર્વાદ ..... 10
'જાલિમોને પાય ઝૂકી પડું ના' ..... 11
લોકોની વચ્ચે વસવાટ ..... 13
ખેતીમાં આયોજન કર્યું ..... 16
(૧) પાકનું આયોજન :- ..... 16
(૨) ખેતીનાં કામો યોગ્ય સમયે કરવાં :- ..... 16
(૩) આ બાબતનાં કેટલાંક દ્રષ્ટાંતો આપું :- ..... 17
જાહેરજીવનમાં રસ શા માટે ? ..... 20
નવું પિયર ઘર : શ્રીમતી ઊજમબહેન લપટેલ ..... 22
હૂંફ ..... 24
શીલવતી વિદ્યાની ઉપાસના ..... 25
શ્રી લક્ષ્મણભાઈ પટેલ ..... 26

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, “લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી.” ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ “ઝાડનાં પારખાં ફળ પરથી” એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને ‘કોડિયું’ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા** ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા** ***શ્રી ચિરાગભાઈ પટેલ*****ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## પ્રથમ દર્શન

ઇ.સ.૧૯૪૮ના જૂન મહિનામાં આંબલા નવું સત્ર શરૂ થયું. આંબલા મારે માટે નવું નવું. મોટી ઉંમરે ભણવાનો અભરખો થયો એટલે ઘેરથી પરાણે પરાણે આંબલાં પહોંચેલો. ગામઠી ધૂડી નિશાળમાં ચાર ધોરણ ભણેલો. તે પણ અરધું પરધું ભુલી ગયેલો. સ્વરાજની ઉષાનાં અજવાળાં મને સ્પર્શી ગયાં. હું એક ભારે લગનથી આંબલાં પહોંચેલો.

બધા કહે આજે રાજકોટથી નાનાભાઈ આવવાના છે. કેળવણી ખાતાના તેઓ પ્રધાન. સરકારી ધ્વજ સાથેની મોટર સવારે નવેક વાગ્યે લોકશાળાના પટાંગણમાં આવીના ઊભી રહી. મેં પૂ. નાનાભાઈને જોયેલા નહીં. તેઓ મોટરમાંથી ઊતરીને ટટ્ટાર ઊભા રહીને છાત્રાલય , રસોડું, કાર્યકર નિવાસ, કાર્યાલય વગેરે તરફ ફરવા લાગ્યા. ગુણવંતભાઈ અને અમે સૌ વિદ્યાર્થીઓ ટોળે વળ્યા. “કેમ ગુણવંતભાઈ, મજામાં છો ના ?” ગુણવંતભાઈ પગે લાગ્યા. લોકશાળાના જૂના વિદ્યાર્થીઓમાંથી જેમને ઓળખતા હતા તે સૌને નામ લઈ લઈને બોલાવે . અનેસૌની તરફ ડોકું કરીને માથું ધુણાવે. “કેમ છો શિલ્પી ? કેમ છો ધરમશીભાઈ ? અરે ધરમદાસ, આપણે ગેમલાને મળવા જઈશું ના ?” હું તો જોઈ જ રહ્યો! આ નાનાભાઈ !

થોડીવાર થઈ ત્યાં કહે , ભરત તારે હગવું હોય તો હગી લે. આપણે ભાવનગર ઊપડવાનું છે. મંજુ, તારી બાને કહે, જે લેવાનું હોય તે લઈ લે.”

ભરત અને મંજુને સૌ સાથે ખૂબ જ એકમેક થઈ પારિવારિક સંબંધથી હળતાં મળતાં જોયાં. મનમાં થયું કે , આવડા મોટા માણસનાં સંતાનો , પણ નથી કોઈ મોટાઈ કે નથી અતડાપણું. સૌ સાથે એકરૂપ, એકરસ. આ અરધા પોણા કલાકમાં આંબલાના ચોકમાં મેં પ્રેમભર્યા મિલનનાં ઘનિષ્ઠ પારિવારિક સંબંધોથી ઊભરાતાં જે દ્રશ્યો જોયાં તેનાથી છાપ પડી કે પ્રેમ કેવું સબળ શસ્ત્ર છે , જે માણસને બાંધી લે છે. જૂન માસ હતો. વાતાવરણમાં વરસાદનાં વાદળો ઘેરાયાં હતાં. વૈશાખ મહિનાની તપેલી અને તરસી ધરતી પર પાણીનાં ફોરાં પડતાં હતાં.ગામડાની ધૂળમાં દટાઈ રહેલાંઓમાંથી હું ઊઠીને આંબલા પહોંચેલો. અને તરસી ધરતી જેવાં મારાં મન-હૃદય ઉપર પણ આ પ્રથમ પ્રેમવર્ષા થતી હતી.



## કરિયાવર

સોનગઢમાં બુનિયાદી તાલીમ અધ્યાપન મંદિર આંબલા સંસ્થાએ શરૂ કર્યું. દર રવિવારે સોનગઢથી બધા તાલીમાર્થીઓ આંબલા આવે. સફાઈ-શ્રમ , રંજનકાર્યક્રમ , રાત્રિપ્રવૃત્તિ વગેરે ચાલે. પ્રાર્થના પછી કેળવણીપ્રધાન નાનાભાઈ અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ સાથે બેઠા હતા. આ તાલીમાર્થીઓમાંથી કેટલાક રાજકોટ હંટર ટ્રેનિંગ કૉલેજનું એક વર્ષ કરીને આવેલા, તેથી તેમના નોકરીના અને તાલીમના પ્રશ્નોની ચર્ચા થતી હતી. વૈકુંઠભાઈ નામના તાલીમાર્થીએ પૂછ્યું , "નાનાભાઈ , આપ કેળવણીપ્રધાન છો પણ આપના ખાતાના કેળવણી નિયામક અમને એમ કહે છે કે 'તમે આંબલામાં શું છાણાં થાપતાં શીખો છો ? તાલીમ લઈને પછી નિશાળમાં બાળકોને શું તમે છાણાં થાપતાં શીખવશો કે ?" નાનાભાઈ એ થોડીવાર વિચાર કરીને જવાબ આપ્યો, "મારા ખાતાના કેળવણી નિયામક બાપડાને ક્યાં બુનિયાદી તાલીમ મળી છે ? બુનિયાદી તાલીમ લઈને આપણે ગામડાં બેઠાં કરવાં છે. હું ભાવનગર છોડીને આંબલામાં આવ્યો અને પદાભાઈ ને માધાભાઈ પાસેથી ઝાંપલી બાંધવાનું શીખ્યો ,અને તેમની સાથે મારો તાર બંધાયો. આ વાતનું મૂલ્ય કેળવણી નિયામક ક્યાંથી સમજે ? તમે બુનિયાદી તાલીમ અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ છો. ખરું હિન્દુસ્તાન ગામડામાં વસે છે તેને બેઠું કરવાની વિદ્યા શીખવવાનો અમારો પ્રયાસ છે. અમે તો અહીં ગોશાળાનાં વાસીદાં કરાવીએ , નીંદાવીએ, લાણી કરાવીએ, ગ્રામસફાઈ કરાવીએ, કંતાવીએ, વણાવીએ, આ પાણા ફેરવાવીએ. આ બધું કરતાં કરતાં તમે જે ભણ્યા હો તે તમારા કેળવણી નિયામકને કહેજો." આટલું કહ્યું ત્યાં દયાબહેન ખાબક્યાં , "નાનાભાઈ, તમને કોણે પાણા મૂક્યા'તા તે અમને તમે આંબલામાંલાવ્યા છો ?" નાનાભાઈ હસતાં હસતાં બોલ્યાં , "દયા, તારા બાપુજી તો રાષ્ટ્રીય શાળામાં રહેલા છે. તું તો અમારી દીકરી કહેવાય. તને તો અમારે આવું બધું કરિયાવરમાં આપવું છે." સૌ ખડખડાટ હસી પડ્યાં. તે વખતે મને થતું કે બાજુમાં બેઠેલા તેમના સેક્રેટરી શ્રી હરદત્તભાઈ આમાં વળી શું નોંધ નોંધ કરતા હશે ? આજે વિચાર કરું છું તો ખ્યાલ આવે છે કે નાનાભાઈ તો આવા જવાબ મારફત,અમારામાં પેસી ગયેલું ખોટા ખ્યાલોનું નીંદામણ નીંદતા હતા.



## તેજસ્વિના વધીતમસ્તુ

સૌરાષ્ટ્રમાં ભૂપત બહારવટિયાની ભારે રંજાડ. ખારચિયાના હત્યાકાંડે સૌને હચમચાવી મૂક્યા . સૌરાષ્ટ્ર સરકારના ભારે પ્રયાસો છતાં ભૂપત પકડાતો ન હતો. અમુક વિસ્તારોમાં લોકો રાત્રે બહાર નીકળી શકતાં ન હતાં . નાનાભાઈએ તો મોત હાથમાં લઈને ગેમલાને પડકારેલો. ભૂપત સામે અહિંસક માર્ગે જવાનો તેમણે વિચાર કર્યો. લોકશાળાના અમારા જેવા મોટી ઉંમરના વિદ્યાર્થીઓને તેમણે કહ્યું , "હું ભૂપત સામે જવાનો છું. તમારામાંથી મોટા મોટા વિદ્યાર્થીઓ મારી સાથે આવશો ?" "અમે જરૂર આવશું , આપ સાથે હો પછી અમને શો વાંધો ?" અમે જવાબ આપ્યો. પછી કહે , "પ...ણ વિચાર કરજો. ભૂપતની ગોળીથી વીંધાઈ જવુંય પડે. આ કાંઈ નાનીના ખેલ નથી." અમે કહ્યું , " કાંઈ વાંધો નહીં , અમે બધો વિચાર કર્યો છે. જે થાય તે." પછી કહે , "તો એમ કરો , તમારા માબાપની મંજૂરી મંગાવો. જેમનાં મા-બાપ-કુટુંબીઓ રજા આપશે તેમને હું સાથે લઈ જઈશ." અમે તો ઘેરથી લેખિત રજા મંગાવી. કેટલાકને રજા મળી પણ ખરી . પણ ત્યાં તો સૌરાષ્ટ્ર સરકારની ભીંસ વધી અને ભૂપત પાકિસ્તાનમાં જતો રહ્યો એટલે અમારી યોજના બંધ રહી. આમ, નાનાભાઈ પોતાના જીવનથી અમારામાં એવું રસાયણ રેડતા અને આત્મસૂચન કરતા, જાણે કહેતા કે , "તમે નમાલા નથી પણ શક્તિશાળી છો." પ્રસંગ આવ્યે મૃત્યુ સામે પોતે બાથ લે અને હિંમત હોય તેને લેવરાવે. કટોકટીના કે કપરા સમયમાં ખડકની જેમ ઊભા રહેવાનું ખમીર તેમણે આપ્યું. મનુભાઈના શબ્દોમાં કહેવું હોય તો, " કબૂતરમાંથી બાજ બનાવ્યા." આમ માટીમાંથી માનવો ઊભા કરવાનું કામ કેળવણીના સાધન વડે તેમણે કર્યું. ભાવનગર છોડીને આંબલામાં આવી એમણે 'લોક'ની આરાધના શરૂ કરી.

- **મેદાન ન છૂટે**

લોકશાળાના છેલ્લા વર્ષમાં અમારી સપ્તર્ષિ ટુકડી. હોળીના તહેવારોના દિવસો. માવઠું જામ્યું. અમે કુંભાર બનીને બનાવેલી ઈંટોનો ભઠ્ઠો પકવવા માટે ગોઠવેલો. જો માવઠાનો જોરદાર વરસાદ થાય તો કાચી ઈંટો બધી ઓગાળીને માટી બની જાય. ઢેકું ભાંગીને ધૂળ કરવા જેવું થાય . બીજી બાજુ ખંજરી બહાર, બીડમાંથી વાઢી લાવેલા ખડનો ગંજ ખડકાયેલો હતો. તે દિવસે મનુભાઈ , મૂળશંકરભાઈ અને બુચભાઈ બહારગામ હતા. નાનાભાઈ પાસે અમે ઈંટો પાડનારા વિદ્યાર્થીઓ ગયા અને કહ્યું કે "નાનાભાઈ , આ કાળી મહેનતે બનાવેલી ઈંટો ગળીને ગારો થઈ જશે." તેઓ કહે , "તેનો કંઈ ઉપાય નથી પણ આ ખંજરી બહાર ખડ પડ્યું છે તે ખંજરીમાં ભરવા માંડો." રાત થઈ ગયેલી. અમે વિદ્યાર્થીઓ ગોશાળાએ

જઈને ખંજરીમાં ખડ નાખવા માંડ્યા. વીજળીના ચમકારા આંખને આંજી દેતા. વળી મોટા કડાકા થાય. અમે અડધું ખડ નાખ્યું ત્યાં સૌ થાકીને લોથ થઈ ગયા. તેથી બે-ત્રણ વિદ્યાર્થીઓ નાનાભાઈ પાસે ગયા અને કહ્યું, "નાનાભાઈ, હવે વરસાદ થાય તેવું નથી લાગતું. અર્ધું ખડ નંખાયું છે , હવે બાકીનું બહાર પડી રહે તો વાંધો શો છે ?" અમે થાકનો સ્વીકાર કરવાને બદલે આડીતેડી વાત કરી. પણ નાનાભાઈ સમજી ગયા. તાળી પાડીને તેમણે કહ્યું , "ના, થાકી ગયા હો તો થોડો પોરો ખાઓ ; પણ ખડ ખંજરીમાં પૂરેપૂરું નાખી દેવું જોઈએ. ખડ પલળી જાય એ કેમ પાલવે ? બધું ખડ ખંજરીમાં નાખીને મને ખબર આપો. હું ત્યાં સુધી બેઠો છું , જાગીશ, સૂઈશ નહીં." અમે પાછા ગોશાળાએ ગયા અને બધું ખડ ખંજરીમાં નાખીને આવ્યા. ઉપરથી ચોકમાં પ્રવેશ્યા, ત્યાં નાનાભાઈ તાળી પાડીને બોલ્યા , "કેમ કારડિયા, કેમ લક્ષ્મણભાઈ, કામ પૂરું કર્યું ? સિંહ કે શિયાળ ?" અમે કહ્યું, "બધું ખડ ખંજરીમાં ભરી દીધું ને બધું સરખું કરીને આવ્યા છીએ." "શાબાશ, આપણા લોહીમાં મહેનત છે તે આવા પ્રસંગે દેખાવું જોઈએ. ખડ પલળી જાય તો ગાયો ખાય શું ? હવે સૌ થાક્યાપાક્યા સૂઈ જાઓ." થોડીવાર થઈ ત્યાં વરસાદ તૂટી પડ્યો. ખડ બચી ગયું. સવારે નાનાભાઈ ગુણવંતભાઈને કહે , "ગુણવંતભાઈ, આબધાએ રાત્રે ખંજરીમાં ખડ નાખવાનું મોટું કામ કર્યું છે. આજે તેમને સરસ ખીર આપો. પણ જુઓ , વિદ્યાર્થી દીઠ સવાશેર દૂધનું પ્રમાણ રાખીને ખીર કરજો." ગુણવંતભાઈએ દૂધપાક જેવી ખીર ખવરાવી. આમ , નાનાભાઈમાં અમને નિશ્ચયબળનાં દર્શન થયાં. અમારાં થાક અને આળસને કારણે અમે પાડેલી "ના"ની સામે તેમણે તાળી પાડીને પાડેલી 'ના'એ ખડ પલળતું બચાવ્યું. કામ પૂરું કર્યું તેથી આત્મવિશ્વાસ વધ્યો. લીધેલું કામ કુશળતાથી પૂરું કરવું. મેદાન છોડવું નહીં. તેવોપાઠ મળ્યો. योगः कर्मसु कौशलम् ।એ સૂત્ર માત્ર વિચારથી નહીં, આચારથી સાર્થક થતું લાગ્યું.



## આશીર્વાદ

નાનાભાઈ આંબલા ગામમાં પોતાના મકાનમાં રહેતા હતા. અમે સપ્તર્ષિ ટુકડીએ નક્કી કર્યું કે આપણને પ્રમાણપત્રો તો પૂ. સ્વામીદાદાએ આપ્યાં છે. પણ જતાં પહેલાં પૂ. નાનાભાઈનાં ચરણોમાં હાથે કાંતેલી સૂતરની પાંચ પાંચ આંટી સાદર મૂકીને આશીર્વાદ મેળવવા. રોજિંદા કામ સાથે આ વિચાર મનમાં રાખીને ચરવડા ચક્રપર મંડ્યા કાંતવા. પાંચ દિવસે પાંચ આંટી કાંતી રહ્યા . નમતી સાંજે તેમને ઘેર ગયા. અમે સૂતરની આંટીઓ ચરણમાં મૂકીને પગે લાગ્યા ને આશીર્વાદ માગ્યા. તેઓ ખૂબ જ પ્રસન્ન થયા. તેમની પ્રસન્નતામાં શબ્દાતીત આશીર્વાદ ઊભરાતા હતા. અમે બેઠા અને વાતોએ વળગ્યા. અમે પૂછ્યું, "નાનાભાઈ, હવે અમે શું કરીએ ?" "કોઈ પણ સમાજોપયોગી કામ હલકું નથી. તમને ગમે તેવું કોઈ પણ સારું કામ કરો. ખેતી કરો , ખેતી ન હોય તો નોકરી કરો. અને આગળ અભ્યાસ કરવાની ઇચ્છા હોય તો તેમ કરો. આપણે સારા ગામડિયા થવાનું છે. માણસાઈના ગુણ અમે તમને જે કંઈ આપવાની કોશિશ કરી છે તે જાળવીને સમાજની ઉન્નતિ થાય તેવું કામ કરો. તેમાં તમે પાછા નહીં પડો તેવો મને વિશ્વાસ છે. મારા અને દક્ષિણામૂર્તિ દેવના તમને આશીર્વાદ છે. તમે સૌ મળતા-લખતા રહેજો. તમારી સાથેનો અમારો પ્રેમસંબંધનો તાંતણો ચાલુ રહે તેવી અમારી ઇચ્છા છે. પછી સૌને વ્યક્તિગત પૂછવા લાગ્યા : "તમે કારડિયા શું કરશો ? વેરશીભાઈ ? ભગત ? ગોવિંદભાઈ ?... છેલ્લે મારો વારો આવ્યો. તમે લક્ષ્મણભાઈ ?" મેં કહ્યું. "નાનાભાઈ મારે તો ગુજરાત વિદ્યાપીઠમાં ભણવા જવું છે. પણ ત્યાં મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલયમાં તો મૅટ્રિક પાસને પ્રવેશ આપે છે. અમને વિનીતને પ્રવેશ આપશે ?" નાનાભાઈ કહે, "તમે અરજી કરજો અને પ્રવેશ પરીક્ષા આપવા જાઓત્યારે મગનભાઈ દેસાઈ પર મારી ભલામણચિઠ્ઠી લઈ જજો." અમે પ્રણામ કરીને છૂટા પડ્યા. ખડકી સુધી નાનાભાઈ મૂકવા આવ્યા અને અમને ભાવથી વિદાય આપી. જૂન મહિનામાં વિદ્યાપીઠમાં પ્રવેશ માટે ગયો ત્યારે નાનાભાઈની ચિઠ્ઠી લેવા ગયો. તેમણે સરસ ભલામણ લખી આપી. વિદ્યાપીઠમાં જઈને મગનભાઈને આપી. મગનભાઈ હસતાં હસતાં કહે,"નાનાભાઈની ચિઠ્ઠી લઈને આવ્યા ? અમારા ભૂતપૂર્વ કુલનાયકની ભલામણ તો અમારે માનવી પડશે ને ? પ્રવેશ પરીક્ષા આપો. જોઈશું." પ્રવેશ પરીક્ષાના પરિણામ ઉપરથી ભલામણની યોગ્યતા પુરવાર થઈ. પ્રચલિત કેળવણી વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપીને ઇતિશ્રી માને. નાનાભાઈની કેળવણી હૃદયમાં પ્રવેશ કરીને જીવનભર એકમેકને બાંધી લે.

## 'જાલિમોને પાય ઝૂકી પડું ના'

ઈ.સ.૧૯૫૮ના જાન્યુઆરી મહિનાની વાત છે. નાનાભાઈ પગ ભાંગ્યા પછી ઘોડીના ટેકે ચાલે. આત્મારામભાઈ શર્મા તેમની તહેનાતમાં રહેતા હતા. સવારના ભાગમાં તેમના ઘર સામે ચોકમાં ખુરશી પર બેસે અને બપોર પછી ટાઉન હૉલના પૂર્વના પ્રાર્થના ચોકમાં લોકભારતીના કાર્યકરોમાંથી જેમને મળવું હોય તેઓ આ સમયે પણ તેમને મળી શકે.

મને મનુભાઈએ લોકભારતીના રૂરલ ઇન્સ્ટિટ્યૂટના વિસ્તરણકાર્ય માટે આંબલાથી સણોસરા ફેરવેલો. હું મનુભાઈ અને રતિભાઈની દોરવણી પ્રમાણે વિસ્તરણ કાર્ય કરતો હતો. લોકભારતીના વિસ્તરણ-ગ્રામસેવાના કામમાં સારાં બિયારણ , ખાતર, સારી ઓલાદની ગાયોનો વિસ્તાર , ગ્રામસફાઈ કે પ્રૌઢશિક્ષણ ઉપરાંત પણ લોકો કંઈક અપેક્ષા રાખતા હતા. અસામાજિક તત્વોિસ તરફથી કોઈ મોટો અન્યાય થતો હોય તો લોકો દોડીને લોકભારતીમાં આવે અને મદદ માગે.રંઘોળા પાસેના હડમતિયા ગામનો આવો એક મૂંઝવનારો પ્રશ્ન આવ્યો. તે ગામનો ઝીણા સારા ભરવાડ ગામને ભારે ત્રાસ આપે. ફળિયામાં સૂતેલી સ્ત્રીઓનાં ઘરેણાં ખેંચી જવાં, કોસનાં મંડાણ ભાંગીને કૂવામાં નાખી દેવાં, વાડીઓનાં પપૈયાં કાપી નાખવાં, મગફળીનાં ભરોટાં ફૂંકી મારવાં અને કોઈ આડે આવે તો ઝૂડી નાખવો વગેરે ત્રાસ વરસાવે. ખેડૂતો મનુભાઈ પાસે આવ્યા અને મદદ માગી. મને હડમતિયા મોકલ્યો. હું હડમતિયાને ચોરે જઈને બેસું પણ લોકો કોઈ મારી પાસે આવે નહીં. ભયના માર્યા આવી ન શકે. હું મનમાં મૂંઝાઉં કે દોડીને લોકભારતીમાં મનુભાઈ પાસે ધા નાખનારા માણસોને મદદ કરવા જઈએ તો પાસે કેમ નથી આવતા ? આમાં મદદ કેમ કરવી ? હું કોઈકવાર સાઇકલ ઉપર તો કોઈકવાર વિસ્તરણની જીપ લઈને હડમતિયા જતો. મારી સાથે સઘનક્ષેત્રના સંચાલક શ્રી પ્રમોદભાઈ પંડિત હોય- અને કોઈકવાર ખેતી સહાયક કેન્દ્રના શ્રી નાનજીભાઈ પટેલ હોય.

એક દિવસ આ મૂંઝવનારો પ્રશ્ન લઈને પ્રાર્થના ચોકમાં બેઠેલા નાનાભાઈ પાસે ગયો. હડમતિયા પ્રકરણની વિગતે વાતો કરી. પછી મારો મૂંઝવનારો પ્રશ્ન રજૂ કર્યો. નાનાભાઈ થોડીવાર આંખો મીંચી ગયા, પછી મારી સામે જોઈને કહે , "લક્ષ્મણભાઈ, આમાં લોકોનો વાંક નથી. લોકોને એમ છે કે તમે તો આ બધું સળગાવીને, જીપ લઈને જતા રહેશો; પણ પછી અમારી સલામતીનું શું ? તમે સૌ પ્રથમ ઝીણા સારાને જઈને કહો કે તારાં આ બધાં કાળાં કામ હવે અમે ઉઘાડાં પાડવાના છીએ અને ચાલવા દેવાનાં નથી. જે કરવાનું હોય તે પહેલાં મને કરજે અને પછી જ હડમતિયા ગામના લોકોનું નામ લેજે. તમે આ હિંમત કરી શકશો ?" નાનાભાઈના આ શબ્દો સાંભળીને અંતરનાં પડળ ઊઘડી ગયાં. મેં હડમતિયા જીપ લઈને જવાનું બંધ કર્યું. પેદલ સાઇકલ પર ગમે તે સમયે જતો અને ઝીણા સારાને તેની ધમકીના યોગ્ય

જવાબ આપતો. લોકોને થયું કે હવે વાંધો નહીં. જેનુંકોઈ નામ ન લઈ શકતું તેને કહી દીધું કે હવે તારી સામે અમને આવડશે તેવું અમે કરવાના છીએ. ખેડૂતો મને કહે કે , “લક્ષ્મણભાઈ, તમે ધ્યાન રાખજો. આનું કાંઈ કહેવાય નહીં. અમને તમારી ઉપર ભારે જોખમ લાગે છે.” મેં કહ્યું , “તમે ચિંતા ન કરો.” મનુભાઈએ આ પ્રશ્ન પર ગંભીરતાથી ધ્યાન આપેલું. તેમણે આ પ્રશ્ને લોકવલણ , સામૂહિક આક્રોશ પેદા થાય અને આ પ્રશ્નના ઉકેલમાં લોકશક્તિ ઊભી થાયતેવો ઉઠાવ આપ્યો. મને કહે, “તમે હડમતિયામાં એક સંમેલન બોલાવો. આસપાસનાં ગામોના આગેવાનોને મળીને ખ્યાલ આપો. અને તે સૌ આમાં ભળે તેવું કરો. અને તે સૌ ઝીણા સારાની ખિલાફ છે તેમ જાહેર થવા દો. ઝીણા સારાની ભયપ્રેરિત પ્રતિષ્ઠા તૂટી જાય તેમ કરો.”

હડમતિયામાં સંમેલન થયું. શ્રી મનુભાઈ , આદરણીય શ્રી જાદવજીભાઈ મોદી અને ચોગઠવાળા ખેડૂત આગેવાન શ્રી છગનભાઈ લાલજીભાઈ પટેલ વગેરેએ આવીને લોકોને હિંમત આપી. અને બધી જ રીતે પડખે છીએ તેમ જાહેર કર્યું. ઝીણા સારા નમી પડ્યો. તેણે બધી પ્રવૃત્તિ પડી મૂકી અને પોતાની ખેતી સુધારીને ઉન્નતિને માર્ગે વળ્યો. ઝીણા સારા અને હડમતિયા સુખ શાંતિ અને ભાઈચારાથી જીવવા લાગ્યાં.

દિલ્હીથી કેળવણીખાતા તરફથી રૂરલ ઇન્સ્ટિટ્યૂટના નિરીક્ષણમાટે ડૉ. ભાણ આવ્યા ત્યારે વિસ્તરણકાર્યનો ખ્યાલ આપતાં મનુભાઈએ તેમના ધ્યાન પર હડમતિયાનો પ્રશ્ન અને તેનો ઉકેલ કેમ આવ્યો તે વાત મૂકી. “વિસ્તરણમાં તમે જેને ‘તાતી જરૂર’ (ફેલ્ટ નીડ) કહો છો તેવી આ ઉપરછલ્લી વાત નથી.” ડૉ.ભાણ પણ ખૂબ પ્રભાવિત થયા.

પ્રત્યક્ષ કામ કરતાં કરતાં થયેલ આ અનુભવ અને દોરવણી આજે પણ લોકોની વચ્ચે હરતાં ફરતાં અને જાહેર કામ કરતાં બળ આપે છે ને ટાગોરની આ કડીઓ યાદ આવે છે :

“ કંગાલોને જ્ઞાનહીણા કરું ના, જાલિમોને પાય ઝૂકી પડું ના
ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળેચાલું એવી શક્તિ આપો, પ્રભુજી !”



## લોકોની વચ્ચે વસવાટ

લોકભારતીમાં એવી વાત ચાલ્યા કરતી હતી કે આપણામાંથી કેટલાકે આસપાસનાં ગામોમાં રહેવા જવું જોઈએ; લોકોની વચ્ચે વસવું જોઈએ. સીધું સેવાનું કામ જે સહજ રીતે આવી પડે તે થાય પણ ગામડે રહીને કામ કરવા સંસ્થામાં આવવું જોઈએ. શરૂઆતમાં આ વાત પ્રમાણે શ્રી રતિભાઈ અંધારિયા થોડો સમય રામધરીમાં રહેવા પણ ગયેલા. અમારામાંથી કેટલાકના મનમાં પણ આ વિચાર ઘોળાયા કરતો હતો. લોકભારતીની વસાહતનાં મૂળિયાં 'ગામડાં' અને 'લોક'માં ઊંડાં જાય તે આ વિચાર પાછળનો ખ્યાલ હતો. ૧૯૭૩માં કેટલાંક કારણોસર મેં લોકભારતી છોડવાનો વિચાર કર્યો. બીજી કોઈ સંસ્થા કે જગ્યાએ 'નોકરી' કરવા જવા મન માનતું ન હતું. અમારી પાટણાની ખેતી અવિકસિત હતી. આર્થિક રીતે પણ સાવ સાધારણ હતી. ખેતીમાં જમીન સારા પ્રમાણમાં, પણ પાણીનો અભાવ. મેં લોકભારતી છોડવાનું એક વર્ષ અગાઉ જાહેર કરી દીધેલું. મારા પાટણા ગામની વસ્તીમાં કાઠી , ગરાસિયા, કોળી, રજપૂત અને રબારી વગેરે હતાં. પટેલોનાં ઘર દશબાર . ખેતી પછાત. દારૂ ગાળવાનું ધમધોકાર ચાલે. અમારું ત્રણ ભાઈઓનું સંયુક્ત કુટુંબ લાંબા સમય સુધી મધ્યમ વર્ગ જીવન જીવ્યા પછી , કેટલીક સગવડો અને સલામતીમાં રહ્યા પછી, એકાએક આ પ્રકારના 'પલ્લી સમાજ'માં અમારે જવાનું થયું. આ પરિસ્થિતિમાં મારી સામે પડકારરૂપ પ્રશ્નો આ હતા :

૧ મારી ખેતીને વ્યવસ્થિત બનાવીને ઉપજાઉ કેમ કરવી ?

૨ ગામ અને લોકો સાથે સંબધો બાંધી એને ઉપયોગી કેમ થવું ?

3 અવકાશ મુજબ જાહેર પ્રવૃત્તિમાં સમય કેવી રીતે આપવો ?

લોકભારતી છોડીને વતનમાં આવવાની વાત કરી ત્યારે કુટુંબને અને મોટાભાઈને થયું કે ,'તું શું કરીશ ? ખેતીમાં અમે રાત-દી જોયા વિના કૂચે મરીએ છીએ પણ બે પાંદડે થતા નથી. માથે કરજના ઢગલા રહે છે. અમે ખેતીના આ ઢસરડાથી ટેવાયેલા છીએ , અમારા માટે બીજો કોઈ રસ્તો પણ નથી. એમાં તું ભળીને આ ઢસરડામાં એકનો ઉમેરો કરીશ. છતાં તારી ઇચ્છા હોય તો અમને વાંધો નથી. ' આ પ્રકારનો તેમનો પ્રતિભાવ હતો. મેં કુટુંબને અને મોટાભાઈને બે વાતની ચોખવટ કરી :

"૧. હું કાં તો ખેતી કરું કાં તો ભણાવું. મને બીજું કાંઈ આવડે નહીં. ઝીણાએ (ભત્રીજાએ) શરૂ કરેલા ઢસા જંકશનના (નાના એવા) વેપારમાં હું કામ નહીં કરું. મારા સ્વભાવ અને આવડતમાં તે ફાવશે નહીં.

૨. સગાંઓ સાથેના વહેવારમાં મને નાખશો નહીં. કારણ કે મારે સમય મળે તેટલા પ્રમાણમાં જાહેર પ્રવૃત્તિ કરવી છે."

મારા મોટાભાઈ કબૂલ થયા. છોકરાઓ હાઈસ્કૂલમાં ભણવા જેવડાં , એટલે ઢસા રહીને પાટણા આવજા કરીને અને જરૂર પડે ત્યારે પાટણા સતત રોકાઈને મેં ખેતીમાં પુરુષાર્થ શરૂ કર્યો. મારો વિષય અર્થશાસ્ત્ર પણ લોહીમાં ખેતી. લોકભારતીની ખેતીનું મેં અવારનવાર નિરીક્ષણ કરેલું , પણ કામ દ્વારા અનુભવ મેળવેલો નહીં. મારા ભાગે મુખ્યત્વે વર્ગો લેવાનું અને જરૂર વખતે વહીવટી કામ રહેલું. હું ખેતીમાં આંટાફેરા કરું ,ખેતીને બેઠી કરવા શું શું કરવું તેની મોટાભાઈ સાથે વાત કરું ,તે જોઈને કેટલાક ખેડૂતો કહેતા કે, "આવા ભણેલા માણસો ખેતી શું કરતા'તા !"

ખેડૂતોની આ ટીકા ખોટી ન હતી, કારણ કે અત્યાર સુધીમાં ભણેલા લોકોએ મુખ્યત્વે નોકરી કરી છે : ખેતીવાડીના સ્નાતક કે બી. એસ. સી. થઈને સરકારી ખેતી ખાતામાં કે કોઈ સંસ્થામાં નોકરી કરી છે. પોતાની જાત ઉપર ખેતીમાં રહેલાં જોખમો લઈને ખેતી કરનારા ભણેલા માણસો ઓછા જોયા છે. કેટલાક દાખલા જોયા હોય તો ખેતીમાં તારાજ થઈને નોકરીમાં ભાગી ગયાના જોયા હોય.

ખેતી સુધારણાના વિસ્તારણ અધિકારીઓથી ખેડૂતો પ્રભાવિત થયા નથી તેનું કારણ : "તમારે મહિનાની છેલ્લી તારીખે પાકતા પગારમાં ક્યાં ગેરુ આવવાનો છે ? તમારી સબસીડી લેવા માટે હા હા કરીએ છીએ. પણ શું કરવું અને શું ન કરવું એ અમારી કેડ શું ખમે તેમ છે તે વિચારીને નક્કી કરશું" આવો મનોભાવ ખેડૂતોનો રહે છે.

ખેડૂતોના જેવી પરિસ્થિતિમાં રહીને ખેતીમાં બરકત લાવવાનું કામ ખેડૂતો જુએ તો તેમને અસર થાય. તેમના જેવાં જમીન , સાધનો આર્થિક પરિસ્થિતિ વગેરે હોય અને તેમાંથી બેઠા થવાનું જુએ તો તેમને પણ સારું ઉત્પાદન લેવાનું મન હોય જ. મેં મારી ખેતીમાં જોયું કે પાણીના અભાવે, એકાદ વરસાદના અભાવે પાક નિષ્ફળ જાય છે , અને પાકેલું સાચવવાની સગવડ ન હોવાથી ઉંદરના ત્રાસથી વહેલું વેચી નાખવું પડે છે. પરિણામે બજારભાવ ઓછા ઊપજે છે. કાળુભાર નદીને કાંઠે અમારું ગામ છે. નદીથી અમારી જમીન છ હજારફૂટ દૂર છે. સ્ટેટ બૅંક ઑફ સૌરાષ્ટ્રની કૃષિ શાખા , ગઢડાની મેં લોન માગીને નદી કાંઠે કૂવા કર્યા, પાઈપ લાઈનો નાખી. પરિણામે, નદીમાં પાણી વહેતું હોય છતાં પાક નિષ્ફળ જતો તેમાંથી પાક બચવા લાગ્યો .વાડીએ એક પાકું ( સ્લૅબવાળું બૅંકની લોન લઈને) 'ફાર્મ હાઉસ' બનાવ્યું. ખેતીની પેદાશો તેમાં રાખવા લાગ્યા. ઉંદરનો બગાડ અટક્યો અને માલ ટકાવવાથી બજારભાવો મળવા લાગ્યા. વળી વાડીએ મકાન હોવાથી સાધનો , ખાતર, માલ-ઢોર અને માણસોને બે માઈલ દૂરથી સીમમાંથી ગામમાં આવ-જા કરવાની મહેનત અને સમય બચ્યાં. બૅંકનો ચાલીસ હજાર રૂપિયાનો બોજો થયો. શરૂમાં આ બોજાનો કુટુંબમાં થોડો કચવાટ થયો પણ જ્યારે તેનાથી ઉત્પન્ન વધવા માંડ્યું ત્યારે લાગ્યું કે આ એક સારું કામ થયું.

અમારી ખેતીમાં છેલ્લાં દશ-બાર વર્ષથી સંકર ૪ કપાસનો પાક મહત્ત્વનો બન્યો છે. અમે સૌ પ્રથમ ૨૦ એકર સંકર ૦૪ કપાસ વાવવાનું સાહસ કર્યું. ચાસ નાખવા , ચાસે ખાતર પૂરવું , રાસાયણિક ખાતર વાવવું, કપાસિયા ચોપવા , ખાલાં પૂરવાં , દવા છાંટવી , પાણી પાવું અને કપાસ વીણવા સુધીનાં બધાં જ કામોમાં મેં સાથે જોડાવાનું રાખ્યું. રોજ બે વાર કપાસમાં આંટો મારીને શું શું કરવાની જરૂર છે તે નક્કી કરી લેતો. સંકર-૪ કપાસમાં 'ઇન્સેક્ટીસાઈડ' મહત્વનો ભાગ ભજવે છે. તેમાં બેકાળજી હોય તો બધો જ ફાલ ખરી જાય. પરિણામે સાંઠિયું થાય પણ કપાસ ન થાય. કપાસમાં આવતી બધા પ્રકારની જીવાતોને ઓળખવી, તે કેવા પ્રકારનું અને કેટલું નુકશાન કરી શકે છે તે જાણવું , તેનું જીવનચક્ર જાણવું અને કઈ જીવાત માટે કઈ દવા અસરકારક અને પોસાય તેવી છે તે બધું અનુભવ અને અભ્યાસ માંગી લે છે. સતત જાગૃતિ, સતત મહેનત અને સમયનો યોગ્ય ગાળો રાખીને કરવાની બધા પ્રકારની વ્યવસ્થા અને તૈયારી : આ ન હોય તો કપાસનો પાક લઈ શકાય નહીં. આ તૈયારી ન હોય તે ખેડૂતો સંકર ૦૪ની ખેતીમાં સફળ થયા નથી. દવા છાંટવાના દિવસોમાં રાત્રે બે વાગ્યે ઊઠીને દવા છાંટવાનું શરૂ કરીને સવાર થાય ત્યાં બધા કપાસમાં છંટકાવ પૂરો કરવાનો રહેતો. પરિણામે શરૂમાં અમારે એક એકરમાં ચાળીસ મણ કપાસ પેદા થતો તેને બદલે પ્રથમના એક વર્ષ પછી એકરે સિત્તેર મણ કપાસ પેદા થવા લાગ્યો. ખેડૂતો તેમના કપાસમાં ફરીને શું શું કરવું તેની સલાહ માગવા માંડ્યા. મેં નિયમ રાખ્યો કે જેઓ બોલાવે તેમની વાડીએ જવું અને આપણા અનુભવ મુજબ દોરવણી આપવી.



## ખેતીમાં આયોજન કર્યું

હું પાટણામાં ખેતીમાં કામ કરવા માંડ્યો. પછીનાં પાંચ વર્ષમાં સં૦૪ કપાસનું વાવેતર જમીનની દૃષ્ટિએ સો એકરથી વધીને પાંચસો એકરમાં થવા માંડ્યું. પછી ગામના ખેડૂતોની એક રીત થઈ ગઈ કે,'બે ડગલાં પાછળ રહીને આ ભીખાભાઈ અને લક્ષ્મણભાઈ ખેતીમાં જે કરે તે પૂછ્યા-ગાછ્યા વિના કર્યે જવું.' અમારા ગામના દરબારોમાંથી અત્યારે દશ કુટુંબો એવાંછે કે જેમણે દારૂ છોડી દઈને અમારી સાથે રહીને, ખેતીમાં પુરુષાર્થ શરૂ કર્યો છે. લગભગ અમારી જેટલું એકરે ઉત્પન્ન લે છે. શરૂમાં તેઓ મારી પાસે આવતા ત્યારે હું તેમને કહેતો કે "તમારે લેંઘા પહેરીને , ધારિયાં લઈને રખડવું છે, દારૂ ગાળવા છે. પછી પાછલાં પડાળક્યાંથી રહે ? સુખી થવું છે ? તો આ બધું છોડી ખેતરમાં લાગો અને અમે જે રીતે ખેતી કરીએ છીએ તેમ કરવા માંડો." આજે દશ દરબાર કુટુંબોની આર્થિક હાલત સુધરી છે અને ઢસા જંકશનની બજારોમાં તેમની શાખ પણ વધી છે. પાકાં મકાનો ચણાવા લાગ્યાં છે. માથેથી કરજના બોજા ગયા છે. અને 'આવતા વર્ષે ખેતીમાં આમ કરવું છે. તેમ કરવું છે'નાં આરમાનો ઘડવા માંડ્યાં છે.

ખેડૂતો શારીરિક મહેનત તો ખૂબ જ કરે છે. રાત-દિવસ જોયા વિના , થાકીને લોથપોથ થઈ જાય તેવો ઢસરડો ઢસડે છે તો પણ પગભેર કેમ થતા નથી ? આ પ્રશ્ન મારા મનમાં કાયમ રહ્યા કર્યો છે. આમાં કેટલાંક કારણો ખેડૂતના કાબૂ અંદરનાં છે, જે પોતે દૂર કરી શકે. જેમ કે :-

(૧) પાકનું આયોજન :-

अ ભાવોની પરિસ્થિતિ જોઈ અને ઉત્પાદનખર્ચ લક્ષમાં રાખીને કેટલા એકર જમીનમાં કયો પાક વાવવો તેનું આયોજન.

बજમીનને ઓળખીને પાકનું આયોજન કરવું.

कખેડૂતે પોતાનાં સઘળાં સાધનો અને આવડતની મર્યાદાઓ તપાસીને કયા પાક નીચે કેટલી જમીન રાખવી તે પણ વિચારવું જોઈએ.

(૨) ખેતીનાં કામો યોગ્ય સમયે કરવાં :-

ખેડૂતો જેને "વાવણી ઘી તાવણી" કહે છે તે ખૂબ અગત્યની વાત છે. ખેતી એક જીવંત સૃષ્ટિ સાથેનો વ્યવહાર છે. બધાં કાર્યો સમયસર (timely)થાય તેના પર ખેતીમાં જીતનો મોટો આધાર છે. ખેતીમાં કાર્યો અનેક પ્રકારનાં કરવાનાં હોય છે. તેમાં સમય , માણસો અને સાધનોની મર્યાદાને ધ્યાનમાં રાખીને કયું કામ પહેલાં કરવું અને કયું કામ પાછળથી કરવું તેનો નિર્ણય કરવાનું કામ ખૂબ જ અભ્યાસ અને અનુભવ માગી લે છે.

(૩) આ બાબતનાં કેટલાંક દ્રષ્ટાંતો આપું :-

૧ સંકર-૪ કપાસમાં ખેડૂતો વાવણીનો વરસાદ થાય પછી જ કપાસિયા ચોપતા. પરિણામે , ઉંદર કપાસિયા ખાઈ જતા, મજૂરોની તીવ્ર ખેંચ ઊભી થતી , ખેતર ખૂંદાઈ જતું, ખાલાં વધુ પડતાં વગેરે . તેને બદલે પહેલી જૂનની આસપાસ કોરામાં કપાસિયા ચોપી દેવા લાગ્યા. પરિણામે ઉંદર કપાસિયા શોધી શકતા નથી. ખેતર ટોરાતું નથી. મજૂરોની ખેંચ પડતી નથી. અને ખાલાં પડતાં નથી.

૨ સં૦૪ કપાસનાં ખાલાં પૂરવા માટે શરૂઆતમાં પોલિથીનની કોથળીઓમાં રોપ તૈયાર કરવામાં આવતો. આ કામથી મજૂરીખર્ચ વધી જતો. તેને બદલે વરસાદ ચાલુ હોય ત્યારે ચોપેલા બે છોડમાંથી એક છોડ ખેંચી લઈને અણીદાર લાકડાથી ખાડો કરીને છોડનું મૂળ સીધું રહે તેમ ચોપી દેવાથી છોડ ચોંટી જવા માંડ્યા.

૩ વરસાદની ખેંચ પડ્યે પાણી આપી શકાય તેવો વિસ્તાર ખૂબ જ ઓછો. પાયાનું રાસાયણિક ખાતર વાવણી પહેલાં વાવી દેવાથી વરસાદ ખેંચાય ત્યારે મોલાત ઝટ ચીમળાઈ જતી. આથી પાક સાવ નિષ્ફળ જાય અને ખાતરનું ખર્ચ નકામું જાય. આ પરિસ્થિતિના ઉકેલરૂપે વાવણીપછીનો બીજો વરસાદ સારો થાય ત્યારે ચાસની બાજુમાં ખાતર વાવી દેવાનું રાખ્યું. પરિણામે આ જોખમમાંથી બચી જવાયું.

૪ સૌરાષ્ટ્રની જમીનમાં પોટાસતત્ત્વ પૂરતા પ્રમાણમાં છે , તેથી પોટાસ વાપરવાની જરૂર નથી તેમ કૃષિનિષ્ણાતો સલાહ આપતા હતા. તેથી ગ્રામસેવકો પણ પોટાસ વાપરવાની ખેડૂતોને ના પાડતા. પણ અમે દરેક પાકમાં વીઘે એક મણ પોટાસ આપવાનું રાખ્યુ. પરિણામે કપાસ ,ઘઉં અને જીરામાં ઉત્પાદન ૧૦થી ૧૫% વધુ આવ્યું. દાણા ભરાવદાર અને તેજદાર થયા. પરિણામે બીજા ખેડૂતો પણ પોટાસ વાપરવા લાગ્યા.

૫ જીરાના પાકમાં રાખોડી , કાળો ચરમો અને ધોળો ચરમો વગેરે રોગો આવવાથી જીરાનો પાક બગડવા લાગ્યો. નિષ્ણાતો દવા વાપરવાની ભલામણ કરતા હતા. દવા કેટલાક રોગોમાં અસર કરે છે ; પણ ખાસ કરીને કાળો ચરમો અને પીળો ચરમો એ જીરાનો કૅન્સર ગણાય. આમાંથી બચવા જીરાની ખેતી વિશે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખ્યા ને જીરુ બગડતું અટક્યું. અમારા સંપર્કના ખેડૂતો પણ તેમ કરવા લાગ્યા. એ બાબતો તે આ :

૧ બહુ પિયત થયાં હોય અને ભારે જમીન હોય તેમાં જીરું ન કરવું.

૨ ચોથે વરસે જીરાનો પાક લેવો એટલે કે એકવાર જીરું થયું હોય તેમાં પછીનાં ત્રણ વર્ષ જીરું ન કરવું.

૩ બાજરી અને જુવાર લીધેલ હોય તે જમીનમાં જીરું નથી બગડતું.

૪ ઉત્તર બાજુ શેઢો , પાળો, ઝાડ, ઘઉં-રજકો કે ઊંચી વાડ હોય અને પવન રોકાતો હોય તો તેથી જીરું બગડે છે.

૫ એકરે છથી સાત કિલોથી વધુ બિયારણ ન છાંટવું.

૬ પાણી ક્યારામાં ભરાય નહીં તે રીતે પાવું.

૭ ફૂલ આવવા માંડે એટલે પાણી એકાદ જ આપવું. પછી બંધ કરી દેવું.

૮ નીંદામણ ઊગતું અટકાવવા "બાસાલીન" અવશ્ય વાપરવું.

૬ અમારા વિસ્તારમાં ઘઉં ઓરવાણ કરીને દંતાળથી બેસર કાઢીને વવાતા હતા. કલ્યાણસોના, લોક-૧, જે-૨૪, વગેરે બિયારણોની વાવણી પણ આ રીતે થતી હતી. અમે આ રીત બદલી. આ નવી રીત પ્રમાણે જમીન તૈયાર કરીને ખાતર વાવી દઈને ક્યારા-પાળી તૈયાર કર્યા પછી જીરું છાંટે તેમ ઘઉં છાંટી દેવા. બિયારણ જમીનમાં દાટવા માટે પાળિયામાં રપટો હાંકી નાખવો અને બે પાણ આપી દેવાથી ઘઉં સરસ ઊગી જાય છે. આમ કરવાથી ઘઉંનાં નવાં બિયારણોમાં ૧૫ % વધુ ઉત્પાદન આવ્યું. કલ્યાણસોના એકરે ૧૫ મણ થતા હતા તે ૮૭થી ૮૮ મણ થવા લાગ્યા. લોક-૧માં તો અમે પ્રથમથી જ આ પદ્ધતિ અપનાવેલી. લોક-૧ કાચા વીઘે ૫૦થી ૫૫ મણ એટલે એકરે ૧૨૫થી ૧૩૫ મણ સુધી થાય છે. જીરું બગડવા માંડ્યું એટલે ઘઉંની ખેતી આટલા ઊંચા ઉત્પાદનને કારણે આકર્ષક બની.

આમ, ખેતીમાં "વિજ્ઞાન" અને "વ્યવસ્થા" દાખલ કરવાનું કામ ખેડૂતોના કાબૂમાં છે. ઉત્પાદનનીકક્ષા નીચી ન લાવે તે રીતે જોઈ જોઈને ખર્ચ કરવાનું પણ ખેડૂતના હાથમાં છે. આ વાતનો અમલ કરવાનું મારી ખેતીમાં શરૂ કર્યું.

ખેતીના વ્યવસાયને આર્થિક રીતે સધ્ધર કરવામાં સમાજ અને રાજ્યે નીચેની બાબતમાં મદદ કરવી જોઈએ :

૧ પાણી પૂરું પાડવું. વરસાદની અનિયમિતતાને કારણે ખેડૂતો પાણીના અભાવે મૂંઝાઈ જાય છે. વિજ્ઞાન અને વ્યવસ્થા દાખલ કરવા જતાં પાણીના અભાવે હતાશ થઈ જાય છે. આ સંજોગો સરકારે દૂર કરવા જોઈએ.

૨ ઉત્પાદન-ખર્ચના પાયા ઉપર ખેડૂતને ઉત્પાદન માટે બળ અને પ્રેરણા આપે તેવા બજારભાવ મળી રહેવા જોઈએ.

૩ કાચા માલમાંથી પાકો માલ બનાવીને વેચવામાં જે નફારૂપી મલાઈ આજે ખેડૂતોને મળતી નથી તે સહકારિતા દ્વારા રૂપાંતરિત ઉદ્યોગો ઊભા કરીને ખેડૂત પાકો માલ વેચનારો બને તેમ કરવું જોઈએ.

૪ ખેડૂતને માત્ર શાખ મળે તે પૂરતું નથી ; પણ ખેતી અને જીવન જરૂરિયાતની બધી જ ચીજો સહકારી પ્રવૃત્તિ મારફત મળે જેથી શોષણ સામે રક્ષણ મળી શકે.

૫ કાયદો અને વ્યવસ્થા મજબૂત હોવાં જોઈએ. ચોરી , પાકને આગ લગાડવી, ભેલાણ વગેરે સામે રક્ષણ આપવાની જવાબદારી સરકારની છે.

૬ પાક અને મોટાં ઢોરના વીમાની યોજનાઓ વહેલી તકે અમલમાં આવવી જોઈએ.



## જાહેરજીવનમાં રસ શા માટે ?

મૂળે હું સમાજવિદ્યાનો વિદ્યાર્થી. કુટુંબના ખેતી અને સખત મહેનતના સંસ્કાર , પણ તેનું સંવર્ધન કરવાનુ ગ્રામદક્ષિણામૂર્તિ, લોકશાળા, આંબલાએ કર્યું. ખેડૂત, ખેતી, ગામડાં, અને દેશ તરફ નવી દૃષ્ટિએ- રાષ્ટ્રીય દૃષ્ટિકોણે-જોવાની સમજણ લોકશાળાના શિક્ષણે આપી. મનુભાઈ મીનુ મસાણીના “આપણું હિન્દુસ્તાન” પુસ્તકમાંથી હિન્દુસ્તાનની વસ્તી , પશુઓ, ખેતી, બેકારી, રાષ્ટ્રીય આવક , માથાદીઠ આવક , ગામડાના આર્થિક પ્રશ્નો વગેરે બાબત ગ્રાફ (આલેખ) દોરાવતા . ત્યાર પછી હું જ્યાં સ્નાતક થયો તે ગુજરાત વિદ્યાપીઠ; અમદાવાદ શહેરમાં પણ , તેનાં વાતાવરણ , અધ્યાપકોનું જીવન , અભ્યાસક્રમ વગેરે ગાંધીવિચારના પાયા પર નવી સમાજરચનાની વિભાવનાને મૂર્તિમંત કરનારા સ્નાતકો તૈયાર કરવા માટે પૂરેપૂરાં સક્ષમ હતાં. વળી આંબલા અને લોકભારતીમાં કામ કરતાં કરતાં આમાં થોડો અનુભવ થયેલો. એટલે લોકભારતી છોડયા પછી મારા મનમાં એટલો ખ્યાલ તો ખરો જ કે ખેતીનો વ્યવસાય કરતાં કરતાં સમાજજીવન અને જાહેર જીવનમાં રસ લેવો. સ્વરાજની શરૂઆત જેવું અત્યારે જાહેરજીવન રહ્યું નથી. સમાજજીવનનાં બધાં ક્ષેત્રોમાં મૂલ્યોનું ધોવાણ થયું છે. સમાજ ઝેરીલો બન્યો છે. મોટા ભાગના જાહેરજીવનમાં પડેલા લોકોએ તેને વ્યવસાય બનાવ્યો છે. તેને રોટલા માટે મહેનત નથી કરવી પડતી. જ્યારે મેં તેને ધંધો કદી માન્યો નથી. પોતાની સામાજિક જવાબદારીઓ સંભાળતાં સંભાળતાં સમય કાઢી શકાય તેટલી જાહેર પ્રવૃત્તિ કરવી તેમ વિચાર્યું. મારી સમજ મુજબ નીચેની બાબતોએ મને આમાં ખેંચ્યો.

૧ ખેતી , ખેડૂત અને ગામડાંઓના રક્ષણ માટે અને તેના વિકાસ માટે રાજ્યની નીતિઓ ઘડાવી જોઈએ.

૨ સ્વસ્થ સમાજજીવન માટે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોનો-ખાસ કરીને નઈ તાલીમ, દારુબંધી, ખાદી ગ્રામોદ્યોગો , ખેતી-ગોપાલન વગેરે કાર્યક્રમોનો અમલ અનિવાર્ય છે. આ અમલમાં સમાજની અભિમુખતાની સાથે સાથે જ રાજ્યની નીતિઓ પણ આના સમર્થનમાં અને જવાબદારીભર્યા ટેકામાં રહે તે અનિવાર્ય ગણાય.

3 લોકશાહી સમાજજીવનમાં અનિષ્ટો ઉપર અંકુશ અને ઇષ્ટનું સંવર્ધન થાય તો જ સમાજ રહેવા જેવો રહે. આ માટે લોકશક્તિને જોતરવા માટે આવી નિષ્ઠાવાળા લોકોએ સક્રિય રહેવું જોઈએ . જો આમ ન થાય તો દુર્જનોના શાસન નીચે સજ્જનોએ નિ:સહાય થઈને રહેવું પડે . મારા આવા ખ્યાલોથી હું જાહેરજીવનમાં રસ લઉં છું. જિલ્લા પંચાયતમાં ચૂંટાઈને ગયો , તેની કારોબારીમાં બેઠો , પણ ખૂબ જ નિરાશ થઈને બહાર આવ્યો. લોકશાહી વિકેન્દ્રીકરણના ઊજળા વિચારની દશા આજના પંચાયતી રાજમાં કેવી થઈ છે તેનો ખ્યાલ આવ્યો અને એ નિર્ણય પર આવ્યો કે જાહેરજીવનનાં મૂલ્યોનો હ્રાસ કરી

રાજકારણમાં જ્ઞાતિવાદ, હિંસાવાદ અને ભ્રષ્ટાચારને બહેકાવવામાં પંચાયતીરાજે મોટો ભાગ ભજવ્યો છે. આથી પંચાયતીરાજની છેલ્લી ચૂંટણીમાં સારી રીતે ચૂંટાઈ શકું તેવી સ્થિતિમાં હોવા છતાં ઉમેદવારી ન કરી. અને પંચાયતીરાજ સંકેલી લેવું જોઈએ એવા નિર્ણય પર આવ્યો.

આવી બધી વાતો લઈને જે ચાલે તેને ઘણાં ઘણાં જોખમો ઉઠાવવાં પડે , સહન પણ કરવું પડે. એક પરિસ્થિતિમાં તો પાટણા ગામમાં અમુક લોકોએ મારો અને મારા કુટુંબનો બહિષ્કાર કરવાનું પણ કર્યું - કોઈગેરસમજ, કોઈ ગેરદોરવણીને કારણે. અમે સ્વસ્થ ચિત્તે લોકો તરફ સેવાભાવ , તટસ્થતા અને આદરભાવ ન છોડ્યાં. પરિણામે બધાં વાદળો વિખાઈ ગયાં અને જે સાચું હતું તે લોકોને સમજાયું. એકવાર ચાલુ મોટરસાઇકલે ભયંકર હુમલો પણ થયેલો. પણ રામ રાખે તેને કોણ ચાખે ? કોઈ પુણ્યશ્લોક પુરુષોના આશીર્વાદ મેળવવાનું થયું હશે તે બળે બચી ગયા. આ પરિસ્થિતિમાં "ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે ચાલું એવી શક્તિ આપો, પ્રભુજી !" જેવી પ્રાર્થનાએ બળ આપ્યું.

ચોત્રીસ વર્ષના સ્વરાજ પછી પણ કેટલાક લોકો અને કેટલાંક ગામડાંઓ કેવી કેવી યાતનાઓ ભોગવી રહ્યાં છે તેનો ખ્યાલ તેવાં સ્થાનોમાં રહેવાથી આવે . ઊડતી મુલાકાતો અને સલામત સ્થળોએ રહેવાથી ન આવે. જ્ઞાતિવાદ , રાજકારણ , દારુબંધીનો ઢીલો અમલ અને અસામાજિકતાને ખોટા રાજકારણનો ટેકો. આવાં કારણોથી સમાજ એક ભયંકર પીડા ભોગવી રહ્યો છે. આ પરિસ્થિતિમાંથી સમાજને કેમ બચાવવો તે આજનો યક્ષપ્રશ્ન છે. પ્રશ્નનું વિકરાળ સ્વરૂપ અને ઉકેલવા માટેનાં પરિબળોનો વિચાર કરું છું ત્યારે એક મૂંઝવણભરી સ્થિતિ દેખાય છે. રચનાત્મક અને સર્વોદય વિચારવાળાને રાજકારણનો છોછ છે. રાજકારણવાળાઓ ધોરણો સાચવતા નથી તેથી તેનાથી બીજા દૂર જાય છે . આમાંથી ઉગારવાનું કામ તો કાઈ યુગપુરુષ કરી શકે. આ પરિસ્થિતિમાં ટકવાનું બળ ક્યાંથી મળ્યું ? એ આંબલાના લોકશાળા જીવનના આગળ જણાવ્યા તેવા પ્રસંગોમાંથી. લોકભારતીમાં કામ કરતાં કરતાં હડમતિયાવાળા ઝીણા સારા ભરવાડના પ્રશ્નમાં થયેલા અનુભવોમાંથી.



## નવું પિયર ઘર : શ્રીમતી ઊજમબહેન લ.પટેલ

- ### મને માગી લીધી

આંબલા અને પૂજ્ય નાનાભાઈનું નામ મારા ભાઈ , પોપટભાઈ ગ્રામસેવક વર્ગમાં ભણવા ગયા ત્યારે સાંભળેલું. પોપટભાઈ અને ભગવાનજીભાઈ સ્વરાજ્યની લડતમાં ભાગ લેતા . એને કારણે અમારા આખા કુટુંબને ગોંડલ રાજ્ય તરફથી ખૂબ સહન કરવું પડતું. ગામમાં પોલીસ,પસાયતા અમારું કુટુંબ જાણે રાજ્યની જેલમાં હોય તેવું વર્તન કરતા. ત્યારે પોપટભાઈ પાસેથી નાનાભાઈની વાતો સાંભળવા મળતી. “નાનાભાઈ કહે કે ખડિયો લઈને , લોટ માગીને આખા કુટુંબને નિભાવવાની તૈયારી રાખવી પણ લડતમાંથી પાછી પાની ન કરવી.” એકવાર તો ઢેબરભાઈએ અમારા કુટુંબને બીજા કોઈ સારા ઠેકાણે ખસેડવાનો વિચાર પણ કરેલો.

એકવાર નાનાભાઈ અને સરલાબહેન સારાભાઈ છાડવાવદર આવ્યાં. ગામમાં સભા કરી અને પછી બા-બાપુજીને મળવા આવ્યાં. નાનાભાઈને પહેલીવાર જોયા. અમે બધાં ફરતાં ઊભાં હતાં. નાનાભાઈએ બાપુજીને પુછ્યું, આ બંને દીકરીઓ તમારી છે ?” બાપુજીએ હા પાડી એટલે કહે , “આમાંથી એક દીકરી અમને આપો.” ( એટલે કે ભણવા મોકલો.) બાપુજી હસ્યા. મને થયું કે હવે મોટાં થઈ ગયાં અને ભણતાં ઊઠી ગયાં પછી કાંઈ ભણવાનું ઓછું ફાવે ? પણ પોપટભાઈના મનમાં હતું કે અવકાશ મળે અને ઊજમ ભણે તો સારું. ૧૯૪૮માં સોનગઢમાં આંબલા સંસ્થાએ આધ્યાપન મંદિર શરૂ કર્યું ત્યારે મને પોપટભાઈએ ભણવા મોકલી. હું હોંશે હોંશે ભણવા આવી , આમ, નાનાભાઈએ મને માગી લીધી અને નાનાભાઈની સંસ્કારયાત્રામાં હું ભળી.

- ### સરલા સરખી ગણી

અધ્યાપન મંદિરમાં નાનાભાઈની દીકરી સરલા પણ ભણતી હતી. પરિચય થયો અને બહેનપણાં જામ્યાં. નાનાભાઈ કેળવણી ખાતાના પ્રધાન હતા એટલે રાજકોટ રહે , પણ જ્યારે આવે ત્યારે કોઈ કોઈવાર અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ ગોઠવાતો. એકવાર સૌ તાલીમાર્થીઓનો ભાવનગરનો પ્રવાસ ગોઠવાયો. નાનાભાઈ અને પૂ. અજવાળીબા ભાવનગર હતાં. અમે દક્ષિણામૂર્તિમાં ઊતર્યાં હતાં. સવારમાં મને સરલા બોલાવવા આવી. “ઊજમ , હાલ્ય નાસ્તો કરવા.” મેં કહ્યું “સરલા , હું પછી નિરાંતે આવીશ.” સરલા કહે, “તારી રાહમાં ને રાહમાં નાનાભાઈએ અને બાએ ચા પણ પીધી નથી.”

સવારના નવ વાગવા આવેલા. હું તો આભી જ બની ગઈ. નાનાભાઈ અને બા આટલે સુધી મારી રાહે ચા ન પીએ ? તેઓ બ્રાહ્મણ ને હું પટેલની દીકરી.

વળી મેં સાંભળેલું કે અજવાળીબા ચુસ્ત બ્રાહ્મણ છે. હું સરલા સાથે તેમને ઘેર ગઈ. નાનાભાઈ અને બાની આંખમાં બા-બાપુના જેવો પ્રેમ દેખાતો હતો. બાએ મને રસોડાના ઉંબરામાં પાટલો નાખીને બેસાડી. અમે બધાંએ જાણે કુટુંબનાં સભ્યો હોઈએ તેમ આનંદ કરતાં કરતાં નાસ્તો કર્યો.

સરલાનાં લગ્ન થવાનાં હતાં.અત્યાર સુધી બા મને રસોડાના ઉંબરે બેસાડતાં હતાં , પણ આ લગ્નપ્રસંગમાં બાએ મને આખું રસોડું સોંપી દીધું. બા હસતાં હસતાં બોલ્યાં , "તું તો અમારી ત્રીજી દીકરી છો એટલે ન અભડાવાય." મેં નાનાભાઈ સામે જોયું તો તેમની પણ એ જ લાગણી જોઈને મારી આંખમાં હરખનાં આંસુ આવી ગયાં. જાન આવી અને રિવાજ મુજબ કન્યાની સખીઓએ જે કામ કરવાનું હોય તે મેં અને મંજુએ કર્યું.

મારાં લગ્ન પછી પણ મારે સંસ્થામાં રહેવાનું થયું. નાનાભાઈની છત્રછાયામાં રહેતાં પિયરનું છાડવાવદર પણ ભૂલી જવાતું. નાનાભાઈ પગ ભાંગ્યા પછી ભાવનગર રહેતા હતા. હું આંબલાથી તેમની ખબર કાઢવા ગઈ. બે દિવસ રોકાઈ. ચાલતી વખતે પથારીમાં સૂતાં સૂતાં નાનાભાઈએ અજવાળીબાને બોલાવીને કહ્યું, "ઊજમે નવું નવું ઘર શરૂ કર્યું છે, એટલે આપણે આસન પડયાં છે ને ? એમાંથી ઊજમને ચાર-છ આસન બાંધી દે." બાએ આસન બાંધ્યાં. પછી નાનાભાઈએ મંજુને બોલાવીને કહ્યું , "પૈસા લઈને જા, ઊજમને બસમાં બેસાડી આવ. મેં કહ્યું , "નાનાભાઈ, મારી પાસે પૈસા છે." તો કહે , "સરલાએના પૈસે ટિકિટ લઈને જાય ? તો તું કેવી રીતે તારે પૈસે જા !"

સરલાને કકુ ( ફાલ્ગુનીનું હુલામણું નામ ) નાની અને મારે બકુ ( પારુલ ) નાનો. બંને વરસનાં થવા આવ્યાં. હું અને સરલા બાળકોને હજી પેટ ભરાવતાં હતાં. હું અને સરલા બાળકોને લઈને નાનાભાઈ પાસે બેઠાં હતાં. નાનાભાઈએ કહ્યું , "હવે તમે બંને આ છોકરાંવને ધાવણ ક્યારે છોડાવશો ? હવે ધાવણ છોડાવવાનો સમય થઈ ગયો છે. હવે ધવરાવવાનું લાંબો સમય ચાલુ રાખશો તો છોકરાવને દમ થવાનો સંભવ ખરો." અમે ધાવણ છોડાવવા તૈયાર થયાં. પ્રયત્ન કર્યો. એક દિવસ પેટ ન ભરાયું. પારુલ ખૂબ રડયો એટલે સાંજે પાછું મેં પેટ ભરાવવાનું ચાલુ કર્યું. બીજે દિવસે નાનાભાઈએ મને પૂછ્યું , "ધાવણ છોડાવ્યું ?" મેં કહ્યું, "નાનાભાઈ, બાબો બહુ રડે છે." નાનાભાઈ બોલ્યા, "તમે અમારે નાનાં હતાં કે નહીં ? તમે નહીં રડયાં હો ?" આમ મા આપી શકે તેવા પ્રેમ અને સંસ્કાર નાનાભાઈએ આપ્યા.

## ફૂંક

અમારાં લગ્નને ત્રણચાર મહિના થયા હતા. લક્ષ્મણભાઈને ટાઈફોઈડ તાવ શરૂ થયો. ટાઈફોઈડ લંબાયો અને આકરો થયો. એટલે દાક્તરની સલાહ મુજબ પૂ.બુચભાઈએ તેમને ભાવનગર મુખ્ય હોસ્પિટલમાં ફેરવ્યા. અમને બંનેને અમારી આર્થિક પરિસ્થિતિની ચિંતા થતી હતી. અમારી રીતે અમે થોડી વ્યવસ્થા પણ કરી. પણ મને ખ્યાલ ન આવે એ રીતે નાનાભાઈએ બધી જ વ્યવસ્થા કરી હતી. જેઠાભાઈ મહેતાજીને કહી રાખેલ એટલે વૃદ્ધ જેઠાભાઈ સામેથી આવીને મને કહી ગયા કે , "પૈસા જોઈએ તેટલા ઑફિસેથી લઈ જવાના. અને મારા જેવું જે કંઈ કામકાજ હોય છે કહેવાનું."

આ બીમારી દરમ્યાન હું અને મારી સાથેનાં અમારાં સંબંધીઓ સૌ નાનાભાઈને ઘેર જ રહેતાં. નાનાભાઈના મોટા દીકરા ડૉ. પ્રવીણભાઈ જેઓ અત્યારે અમેરિકા છે તેમણે લક્ષ્મણભાઈની સારવાર ઉપાડી લીધી. ભાવનગર આવીને હું હળવી ફૂલ થઈ ગઈ! પ્રવીણભાઈ જાતે જ ચા બનાવીને હૉસ્પિટલે આવીને લક્ષ્મણભાઈને આપી જાય. નાનાભાઈ પણ અવારનવાર ખબર કાઢવા હૉસ્પિટલે આવે. એક દિવસ મને થાક અને ઉજાગરાને કારણે થોડો તાવ આવ્યો. નાનાભાઈને ખબર પડી. નાનાભાઈ અને મંજુ મારી પાસે આવ્યાં. આવીને મારા માથે હાથ ફેરવીને કહે, "ઊજમ તારે હિંમત રાખીને લક્ષ્મણભાઈનેસાજા કરવાના છે. પછી તું માંદી પડશે એટલે અમે બધાં જ તારી સારવાર કરીશું. મંજુ ,તારા મામા પાસેથી ઊજમ માટે દેશી દવા લાવી આપ." "સબસે ઊંચી પ્રેમ સગાઈ" એ સુરદાસનું ભજન, મને આ બધું સંભારું ત્યારે યાદ આવે છે.

આંબલામાં થોડો સમય મેં સંસ્થાની પ્રાથમિકશાળામાં પણ કામ કર્યું છે. અધ્યાપન મંદિરની તાલીમ તો હતી જ. પણ હાર્દિક સંબંધોના પાયા ઉપર જ બાળકોનું ઘડતર થઈ શકે તેવો ખ્યાલ નાનાભાઈ પાસેથી મને મળ્યો. શિક્ષણની પદ્ધતિઓ અને સિદ્ધાંતો આના વિના લુખ્ખાં.

* * *

અત્યારે હું મારા એક મોટા સંયુક્ત કુટુંબમાં જીવી રહી છું. સંયુક્ત કુટુંબમાં પ્રશ્નો નાના-મોટા આવે છે. તેને ઉકેલવામાં મને આ બધું ખૂબ કામ લાગે છે. આ શક્તિ મને સંસ્થામાંથી અને નાનાભાઈ જેવા મહાપુરુષો પાસેથી મળી છે. નાનાભાઈ વિદ્યાર્થિની બહેનોને વાત-વાતમાં ઘણીવાર કહેતા કે , "અમારી સંસ્થાની વિદ્યાર્થિની ભલે નોકરી ન કરતી હોય, માત્ર ચૂલો ફૂંકતી હોય; પણ અમારી વિદ્યાર્થિનીની ફૂંકમાં પણ ફેર હશે."

* * *

## શીલવતી વિદ્યાની ઉપાસના

અત્યારે તો અંધારામાં ફૂદકો મારીએ છીએ. બાહ્ય ક્લેવર ઊભું કર્યું છે. તેનું ખરું સ્વરૂપ કેવું ઊભું થશે તેની કાંઈ કલ્પના થઈ શકતી નથી. નદી જ્યારે પ્રભવસ્થાનમાં હોય ત્યારે તે કઈ દિશામાં જશે , કેવું વહેણ લેશે તે વિષે ચોક્કસ કહી શકાતું નથી. એનો અર્થ એવો નથી કે અમારી પાસે ચોક્કસ ખ્યાલ કે દૃષ્ટિ નથી. દક્ષિણામૂર્તિ શરૂ કરી ત્યારે આવી જ રીતે શરૂ કરવામાં આવી હતી ; ધીરે ધીરે તેનું સ્વરૂપ ઘડાતું ગયેલું.

ગામડામાં પડેલી શક્તિને ઓપ આપીને , ગામડાંની પ્રજાને જાગૃત કરીને અને તેમને સંસ્કાર આપીને આગળ લાવવાનો આ પ્રયાસ છે.

સામાન્ય રીતે આજના બાહ્ય સુધારાવાદને આપણે સંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ . માણસના અંતઃકરણને જે માનવતાભર્યું બનાવે તે સાચી સંસ્કૃતિ. ગામડાંના લોકો અભણ છે પણ સંસ્કારી નથી અથવા સંસ્કારવિહીન છે એ માન્યતા ખોટી છે. ગામડાંના ગરીબમાં ગરીબ માણસમાં સુષુપ્ત સંસ્કારો પડેલા છે. એ જાગૃત કરવા નવી કેળવણીની અખંડ જ્યોત ગરીબોનાં ઝૂંપડાં સુધી પહોંચાડવાના અમારા મનોરથો છે.

વિદ્યા બે જાતની છે , વાંઝણી અને દૂઝણી. દૂધ આપે અને વિયાય નહીં તે વાંઝણી ગાય શા કામની ? વિદ્યાનું પણ એવું જ. ખરી વિદ્યા પરમ તત્ત્વ અને મુક્તિનું રૂપ આપે છે. **सा विद्या या विमुक्तये** જે વિદ્યા વળગાડ જેવી હોય છે તે બોજારૂપ છે. પણ જે વિદ્યા આત્મસાત્ થાય છે અને રોમ રોમમાંથી પ્રગટે છે તે સાચી વિદ્યા.

વિદ્યા અને શીલને સંબંધ ન હોય તો વિદ્યા વાંઝણી રહે. શીલ વિના વિદ્યા લેનાર માણસ બ્રહ્મરાક્ષસ બને છે.

- **સ્વ. નાનાભાઈ.**



## શ્રી લક્ષ્મણભાઈ પટેલ

શ્રી લક્ષ્મણભાઈ ભવાનભાઈ પટેલનો જન્મ ગઢડા તાલુકાના પાટણા ગામે ગરીબ ખેડૂત કુટુંબમાં ૨-૫-૧૯૩૧ના રોજ થયો. જૂના જસદણ સ્ટેટના આ ગામમાં અભ્યાસ માટેની શક્યતા ઓછી એટલે ગામની શાળામાં ચાર ધોરણ ભણી ખેતીના કામમાં જોડાયા. છએક વર્ષ એ કામમાં ગયાં. ૧૯૪૭માં સ્વરાજ્ય આવ્યું ને 'ગાંધીજી','સ્વરાજ' જેવા શબ્દો કાને પડતાં આગળ ભણવાની ઇચ્છા થઈ. પણ આ ઉંમરે ક્યાં જવું ? કોઈએ આંબલાની સંસ્થા સૂચવી અને કુટુંબના વિરોધ છતાં , મોટાભાઈ ભીખાભાઈના ટેકાથી ૧૯૪૮ના માર્ચમાં ગ્રા. દ. મૂ. આંબલામાં દાખલ થયા.

આંબલાથી વિનીત થઈ ગુજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થઈ માતૃસંસ્થા ગ્રા. દ. મૂ. આંબલામાં કામે જોડાયા. બે વર્ષ પછી ડી. એડ. થઈ લોકભારતીમાં વિસ્તરણ કાર્યકર તરીકે જોડાયા. આ પછી લોકભારતી અધ્યાપન મંદિરમાં અધ્યાપક અને ગૃહપતિ તરીકે કામ કર્યું ને તે જ ગાળામાં અર્થશાસ્ત્ર અને ઇતિહાસ સાથે એમ. એ. થયા.

એમ. એ. થયા પછી લોકભારતીના જ લોકસેવા મહાવિદ્યાલયમાં આરંભમાં અધ્યાપક અને પછી આચાર્યની કામગીરી બજાવી. ૧૯૭૩માં પોતાનો ખેતીનો વ્યવસાય કરવા સંસ્થામાંથી મુક્ત થયા.

આજે તેઓ પોતાની ખેતી કરતાં કરતાં વૈજ્ઞાનિક ખેતી દ્વારા ગામડાની આર્થિક ઉન્નતિ માટે અને પ્રામાણિક નેતાગીરી દ્વારા ગામડાની રાજકીય-સામાજિક જાગૃતિ માટે પ્રયત્નશીલ છે.